# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯
Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com


===========================================================================

અખબારી યાદી તા. ૧૧.૦૮.૨૦૨૩

- **પંચમહાલ જીલ્લાનાં શહેરા તાલુકાનાં ઉજડા ગામમાં મનરેગાના કામના બીલો બારોબાર ચૂકવાઈ ગયા: હિરેન બેંકર**
- **પંચમહાલ જીલ્લાના ગામોમાં તટસ્થ તપાસ થાય તો માત્ર કાગળીયા પર કામ, બનાવટી કામગીરી, ખોટા જોબકાર્ડ, નકલી બીલો સહીતના કૌભાંડનો આંકડો ૨૦૦ કરોડને આંબી જાય તો નવાઈ નહિ.**
- **લાખો-કરોડો રૂપિયાના મનરેગાના કામો માત્ર કાગળ ઉપર થઈ રહ્યાં છે: સમગ્ર ગુજરાતમાં ચાલી રહેલા મનરેગામાં કરોડો રૂપિયાનું સુનિયોજિત કૌભાંડની તટસ્થ તપાસ થાય તેવી કોંગ્રેસ પક્ષની માંગ**

પંચમહાલ જીલ્લાનાં શહેરા તાલુકાનાં ઉજડા ગામમાં મનરેગાના કામના બીલો બારોબાર ચૂકવાઈ ગયાના પુરાવા રજુ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તાશ્રી હિરેન બેન્કરએ જણાવ્યું હતું કે પંચમહાલના શહેરા તાલુકાના ઉજડા ગામના જુદા જુદા સર્વે નંબર ઉપર કોઈપણ પ્રકારની ચેકવોલ, કુવો કે અન્ય કામગીરી ન હોવા છતાં લાખો રૂપિયાના બીલ ચુકવવામાં આવ્યાં છે. જ્યાં છ મહિના પહેલા જે સ્થળે કાગળ ઉપર ચેકડેમ બનાવવામાં આવ્યો હતો તે જ સ્થળે ફરીથી કાગળ ઉપર કુવો બનાવવાનું ધુપ્પલ ચાલી રહ્યું છે. પેમેન્ટ શીટમા દર્શાવેલ શ્રમિકોએ કોઈ દિવસ કામ માટે અરજી પણ કરી નથી, મનરેગાની સાઈટ પણ જોઈ નથી મનરેગામા કામ પણ કર્યુ નથી તેવા લોકોના નામે જોબકાર્ડ બની ગયા, ખાતા ખુલી ગયા અને એમના ખાતામા લાખો રૂપિયાના પેમેન્ટ પણ થઈ ગયા અને ઉપડી પણ ગયા. કેન્દ્રની તત્કાલીન યુપીએ સરકાર દ્વારા ગ્રામીણ વિસ્તારમાં રોજગારીની ગેરંટી આપવા માટે મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર -'મનરેગા'નો કાયદો લાવવામાં આવ્યો હતો.પરંતુ પંચમહાલનાં શહેરા તાલુકામાં એક ગામમાં જ ૪૦ લાખથી વધુનું સુનિયોજિત રીતે ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે તો આખા જિલ્લામાં કેટલી મોટા પ્રમાણમાં કૌભાંડ ચાલતું હશે? જે ચિંતાનો વિષય છે એક માત્ર શહેરા તાલુકમાં ૯૧ જેટલા ગામ આવેલ છે. જો એક માત્ર ઉજડા ગામમાં આ પ્રકારના લાખો રૂપિયાનું કૌભાંડ થતું તોય તો પંચમહાલના માત્ર શહેરા તાલુકા વિસ્તારમાં કાગળીયા પર કામ, બનાવટી કામગીરી, ખોટા જોબકાર્ડ, નકલી બીલો સહીતના કૌભાંડનો આંકડો ૨૦૦ કરોડને આંબી જાય તો નવાઈ નઈ. ચેકવોલ, માટી મેટલ અને કુવા જેવા અગત્યના કામોની માત્ર કાગળીયા પર કામગીરી થઈ રહી છે. સર્વે નંબર પર સ્થળ પર કોઈપણ પ્રકારની વાસ્તવિક કામગીરી ન હોવા છતાં લાખો રૂપિયાના બીલો બારોબાર જોબકાર્ડ બનાવી ભાજપના મળતીયાઓ દ્વારા સુનિયોજત રીતે કૌભાંડ આચરવામાં આવી રહ્યું છે.

કોંગ્રેસ પક્ષ દ્વારા 'મનરેગા-રોજગાર ગેરંટી કાયદા' થકી સ્થાનિક રોજગારી મળી રહે તે સુનિશ્ચિત કરવામાં આવ્યું હતું જેમાં મનરેગા કાયદામાં ૧૦૦ દિવસની રોજગારીની ગેરંટી આપવામાં આવે છે જ્યારે ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષમાં મનરેગા કાયદા હેઠળ સરેરાશ માત્ર ૪૧થી ૪૫ દિવસની રોજગારી આપવામાં આવે છે જે રાષ્ટ્રીય સરેરાશ રોજગારી કરતા પણ ઓછી છે. સમગ્ર દેશભરમાં અને ગુજરાત રાજ્યમા મનરેગા કાયદા હેઠળ ઘણા બધા ગરીબ - શ્રમિક પરિવારો મહેનત કરી ગુજરાન ચલાવતા હોય છે. પરંતુ આ 'સુનિયોજીત કૌભાંડ'ને કારણે ખરેખર જે ગરીબ છે તેમને મળવાપાત્ર કામ મળતું નથી. મળતિયાઓ મલાઈ ખાઈ જાય છે અને ખોટા લોકોના એકાઉન્ટો બનાવીને પૈસા ઉપાડી લેવામા આવે છે. ભ્રષ્ટાચારમાં કેટલા ભૂતિયા, ખોટા જોબકાર્ડ બનાવવામાં આવ્યા છે? કેટલા સાચા જોબ કાર્ડ છે અને કેટલા બંધ થઈ ગયા છે તેમજ ચાલુ કામ અને પૂર્ણ થઇ ગયેલા કામની ગુણવતા-ચુકવણી સહિતની બાબતોની સમગ્ર ગુજરાતમાં ચાલી રહેલા કરોડો રૂપિયાનું સુનિયોજિત કૌભાંડની તટસ્થ-યોગ્ય તપાસ થાય તેવી કોંગ્રેસ પક્ષ માંગ કરે છે.

રાજીવ ગાંધી ભવન ખાતે મનરેગાનામાં ચાલતા સુનિયોજિત કૌભાંડ ઉજાગર કરતી પત્રકાર પરિષદમાં પંચમહાલ જીલ્લાના જાગૃત નાગરિક અને કોંગ્રેસ પક્ષના આગેવાન શ્રી ભગીરથસિંહ સોલંકી ઉપસ્થિત રહ્યા હતા.

(હિરેન બેન્કર)
પ્રવક્તાશ્રી, ગુજરાત કોંગ્રેસ